# ગુજરાતમાં રાજય સરકાર ગૌ હત્યા નિષેધ માટે કટિબદ્ધ છે

## રાજયમાં ગૌશાળા/પાંજરાપોળના પશુઓના નિભાવ માટે નવું ઘાસ રૂપિયા ૨ ના કિલોના ભાવે અપાશે અને પીવાના પાણીની પણ વિનામૂલ્યે કરાયેલી વ્યવસ્થા

ગાંધીનગર, તા. ૧૩

સુરેન્દ્રનગર ખાતે સુરસાગર ડેરીના રૂપિયા ૭.૫૬ કરોડના ખર્ચે બનેલ નવ નિર્મિત



'સુરસાગર ભવન'નું લોકાર્પણ કરતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજય સરકાર ગૌ હત્યા નિષેધ માટે કટિબદ્ધ છે. ગાયને આપણે માતા ગણી છે. તેની કતલ કરનારની સરકાર દયા ખાવા માંગતી નથી. આખા ભારતમાં આપણે જ ગૌ હત્યા અટકાવવા કડક કાયદો ઘડેલ છે અને આજીવન કેદની જોગવાઈ કરાયેલ છે. રાજયમાં પશુધન વિકસે અને વધારો થાય અને ગુજરાત સમૃદ્ધ બને તે માટે સરકાર પ્રયત્નશીલ છે. ગુજરાતમાં ગૌ સંવર્ધન અને પશુધનના સંવર્ધનના કારણે આજે ગુજરાતમાં ૩ કરોડ જેવું પશુધન છે અને દૈનિક ૧૭૦ લાખ મેટ્રિક ટન દૂધનું ઉત્પાદન થાય છે. માનવીની જેમ પશુઓની ચિંતા સરકાર કરે છે. પશુઓની સારવાર માટે કરૂણા એમ્બ્યુલન્સ સેવા શરૂ કરાયેલ છે. ત્યારે ૧૧ એમ્બ્યુલન્સ સેવા કાર્યશીલ છે. અને આ વર્ષ દરમિયાન બધા જિલ્લાઓમાં મળીને ૫૦ જેટલી એમ્બ્યુલન્સો કાર્યરત કરાશે.

રાજય સરકારે આ વર્ષે રાજયની તમામ ગૌ શાળાઓ/પાંજરાપોળોના પશુઓના નિભાવ માટે નવું ઘાસ રૂપિયા ૨ ના કિલોના ભાવે આપવાનો નિર્ણય કરાયો છે. તેમજ પશુઓને પીવાના પાણી માટે વિના મૂલ્યે પાણીની વ્યવસ્થા કરાયેલ છે. આ માટે તંત્રને સુચના અપાયેલ છે. તમામ જીવો પ્રત્યે દયા રાખીને સરકાર કામ કરી રહી છે.

મુખ્યમંત્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પશુપાલન વ્યવસ્થા ક્ષેત્રે સ્વરોજગારી ઉત્પન્ન કરવા રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં નવી યોજના દાખલ કરી છે કે, સાતથી વધુ પશુઓનો પશુફાર્મ બનાવનારને રૂપિયા ત્રણ લાખની સહાય અપાશે. વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતો/પશુપાલકોની આવક ડબલ થાય તે માટે સરકાર નકકર પગલા લીધા છે.

મુખ્યમંત્રીએ આ તકે સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાનમાં તન-મન-ધનથી સહયોગ આપવા બદલ પ્રજાજનોનો આભાર માનતા જણાવ્યું હતું કે, મારા જીવનમાં પ્રથમવાર જળ સંચય અભિયાનમાં રૂપિયા દેવા માટેની લાઈન જોવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાના પશુપાલકો માટે ૧૯૭૫ના વર્ષમાં ૮૦ દૂધ મંડળીઓથી શરૂ થયેલ દૂધ સંઘ સાથે આજે ૮૦૨ દૂધ મંડળીઓ જોડાઈ છે. ૮૯ હજાર સભાસદો આ દૂધનું વાર્ષિક ટર્ન ઓવર ૮૯૩ કરોડ સુધી પહોંચ્યું છે. પશુપાલકોના સાથ-સહકાર થકી વટવૃક્ષ બનેલ આ સંસ્થામાં રૂપિયા



૭.૫૬ કરોડના ખર્ચે સુરસાગર ડેરીનું અદ્યતન 'સુરસાગર ભવન' કાર્યાલય બનાવવામાં આવ્યું છે.

આ દૂધ ડેરીમાં હાલ દૈનિક દૂધ એકત્રીકરણ ૭.૨૫ લાખ લિટર છે. સુરસાગર ડેરીના પ્લાન્ટની પ્રોસેસિંગ અને પેકિંગની ક્ષમતા દૈનિક ૨.૦ લાખ લિટર છે. મુખ્યમંત્રીએ કાર્યક્રમના સ્થળેથી તકતીનું અનાવરણવિધિ કરીને સુરેન્દ્રનગર દુધરેજ નગરપાલિકાના અંદાજે રૂપિયા ૨૭.૯૯ કરોડના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરેલ હતા. સુરસાગર ડેરીના ચેરમેન બાબાભાઈ ચરવાડે પ્રારંભમાં મહેમાનોનું સ્વાગત કરીને ડેરી દ્વારા રૂપિયા ૧૦ના કરાયેલી ભાવ વધારો અને તેમજ ડેરીના વિકાસની વિગતો આપી હતી.

## વર્લ્ડ ઈન બોકસ દ્વારા ૫૦૦ પક્ષી પરબનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર એક પર્યાવરણ પ્રેમી અને જીવદયા પ્રેમીઓનું નગર છે. શહેરમાં ગ્રીષ્મની ગરમીમાં પાણીની ગંભીર સમસ્યાથી ત્રસ્ત પક્ષીઓ માટે વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા માટીના કુંડાની પક્ષી પરબોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ફરી એકવાર આ પ્રકારના સેવા કાર્યને હાથ ધરવામાં આવ્યું છે.

સ્પર્ધાત્મક પરિક્ષાના ઉમેદવારોને તાલિમ આપતી વર્લ્ડ ઈન બોકસ નોલેજ શેરીંગ સંસ્થા દ્વારા આજરોજ સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન ૫૦૦ પક્ષી પરબનું વિતરણ કરાયું હતું. સેવાભાવી નાગરીકો સે-૬ શાંતિ આર્કેડ ખાતે આવેલ કલાસ પર આવીને પક્ષી પરબ લઈ ગયા હતા. આગામી તા.૧૪ ના રોજ પણ પક્ષી પરબનું વિતરણ કરવામાં આવશે તેમ સંસ્થાના સંચાલકો દ્વારા જણાવ્યું હતું. પક્ષી પ્રેમીઓએ આ કુંડા સુરક્ષિત સ્થળે લગાડવા માટે અનુરોધ કરાયો છે.

## હરખજીના મુવાડા ગામે મકાનમાંથી ૨૮ નંગ દારૂની બોટલ સાથે બુટલેગર ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૩

દહેગામ નજીકના હરખજીના મુવાડા ગામે લિસ્ટેડ બુટલેગરના ઘરમાં દરોડો પાડી



ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને દબોચી લીધો હતો અને આરોપી બુટલેગર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં દારૂની હેરફેર અને વેચાણની પ્રવૃત્તિ દૂષણ પેદા કરી રહી છે. ત્યારે આ પ્રવૃત્તિને અટકાવવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાની સુચનાને પગલે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે દારૂની પ્રવૃત્તિઓ કરતા બુટલેગરો સામો કમર કસી છે. આજે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમના કર્મચારીઓ પુનમભાઈ, મહેન્દ્રસિંહ, યજુવેન્દ્રસિંહ અને ધિરેન્દ્રસિંહ દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન પુનભાઈને બાતમી મળી હતી કે દહેગામ પોલીસ સ્ટેશનનો લિસ્ટેડ બુટલેગર ભદ્રેશસિંહ કાળુસિંહ ચૌહાણ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનુ વેચાણ કરી રહ્યં છે. જે હકીકતના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે બુટલેગરના ઘરે દરોડો પાડી વિદેશી દારૂના ૨૮ નંગ ક્વાટરીયા પકડ્યા હતા. પોલીસે દરોડામાં રૂ. ૨૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી બુટલેગર સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## પાંચ ગોળ વણકર સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

શ્રી ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગર દ્વારા આજરોજ સેકટર-૨૭ રંગમંચ ખાતે સમગ્ર વણકર સમાજના બીજા સમૂહલગ્નોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ૧૮ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ પ્રસંગે નવદંપતિઓએ બેટી બચાવો,બેટી વધાવો, હું સ્વચ્છતાનું પાલન કરીશ, હું પાણી બચાવીશ, અને મારા કુટુંબને પાણી બચાવવા પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન અને ભોજનના દાતા ડાહ્યાભાઈ અને સોમાભાઈ જેસંગભાઈ ચૌધરીએ હાજર રહીને નવદંપતિને આર્શિવચન પાઠવ્યા હતા. રાજય સરકારના અનુસૂચિત જાતિ સમાજ કલ્યાણના સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સંસ્થાને પ્રોત્સાહન પેટ રૂ. ૩૬૦૦૦ અને પ્રશસ્તિપત્ર પણ અર્પણ કરેલ છે.

## ચંડોળ તળાવમાં કોંગ્રેસે ક્રિકેટ રમી અનોખો વિરોધ

સુજલામ સુફલામ જળ સંચય અભિયાન હેઠળ અમદાવાદના ૧૨ તળાવોમાંથી ઐતિહાસિક ચંડોળા તળાવનો સમાવેશ કરવામાં ન આવતા કોંગ્રેસે અનોખો વિરોધ કર્યો છે. સુકાભઠ્ઠ થયેલા ચંડોળા તળાવને ઉંડુ કરવા કોંગ્રેસે માંગ કરી છે. અમદાવાદના ચંડોળા તળાવને જળ સંચય અભિયાનમાંથી બાકાત રાખવામાં આવતા કોંગ્રેસના નેતાઓએ ચંડોળા તાળવમાં ક્રિકેટ રમીને વિરોધ કર્યો છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, ચંડોળા તળાવ કોંગ્રેસના મત વિસ્તારમાં આવતું હોવાથી તળાવને જળ સંચય અભિયાનમાંથી બાકાત રાખવામાં આવ્યુ છે.

## આંબેડકર હોલ ખાતે આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

રાજયમાં ટીબીની કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓની બેઠક આજરોજ સવારે સેકટર-૧૨ સ્થિત ડો. આંબેડકર ભવન ખાતે સવારે ૧૦ કલાકે યોજાઈ હતી. આરએનટીસીપી કરારબધ્ધ કર્મચારી મહાસંઘની બેઠકમાં રાજયભરમાંથી વિવિધ જિલ્લાના હોદેદારો હાજર રહ્યા હતા.

આ બેઠકમાં સંઘના પ્રમુખ હિમાંશુ પંડ્યાએ જણાવ્યું હતું કે આજે અમારા સંઘની મળેલી બેઠકમાં યુનિયનની સમસ્યાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ હોદેદારો અને અન્ય બાબતોના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા તેમજ તાલુકા કક્ષાના સંઘના હોદેદારો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા તમામ હોદેદારોની હાજરીમાં આગામી કાર્યક્રમની રણનિતી ઘડવામાં આવી હતી અને પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી.

## વાવોલ શનિદેવ મંદિર ખાતે પાંચ કુડી યજ્ઞ યોજાશે

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની પાણીની ટાંકી પાસે શનિદેવ મંદિર ખાતે આગામી તા. ૧૫ મે ને મંગળવારના રોજ શનિદેવ મહારાજની જન્મજયંતિ નિમિતે પાંચ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. મંગળવારના રોજ સવારે ૯ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે તેમજ સાંજે ૬ કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ થશે.જયારે સાંજે ૬.૩૦ કલાકે આરતી અને ત્યારબાદ ભકતો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. વાવાલો ગામના ગ્રામજનો તેમજ શહેરના સૌ ધર્મપ્રેમી નાગરીકોને યજ્ઞ દર્શનનો લ્હાવો લેવા માટે સુરેશભાઈ મહારાજ મહંત, શનિદેવ મંદિર, વાવોલ, હિરેન એસ ભટ્ટ, પૂજારી, તેમજ શનિદેવ મિત્ર મંડળના સૌ હોદેદારોએ અનુરોધ કર્યો છે.

## એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળ શાહીબાગનો દ્વિતિય મિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

એ કોલોની પૂર્વ સરકારી વસાહત મંડળ (દરિયાખાન ઘુમ્મટ, શાહીબાગ અમદાવાદ ગાંધીનગર)નો દ્રિતિય સ્નેહમિલન સમારોહ આગામી તા. ૨૭ મે ને રવિવારના રોજ સવારે ૯ થી ૪ કલાક દરમિયાન શેઠ ખિમજી વિશ્રામ સંસ્કાર ભવન ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ કેમ્પસ સે-૨૩ ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે.

સમયના વહેણ સાથે એ કોલોની શાહીબાગની વર્ષ ૧૯૬૦-૭૦ની વહી ગયેલી પળોના સુખદ સંસ્મરણોને લાગણીસભર સ્પર્શ કરવાનો અમારો દ્રિતિય પ્રયાસ આપ સૌના સાથ સહકારથી શકય બની શક્યો છે. આપણા દ્રિતીય સંસ્મરણ સમારંભમાં આપણા સંસ્મરણોમાં સહભાગી રહેલા એ કોલોની વિસ્તારના હાલના પૂર્વ ધારાસભ્ય અને ગુજારત સરકારના પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટ, ગાંધીનગર મનપાના પૂર્વ ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહાના અતિથી વિશેષ પદે આ કાર્યક્રમ યોજાશે.આ કાર્યક્રમમાં ડો. અનિલ વેદ અને મિત્રોના જણાવ્યા મુજબ સવારે ૯ કલાકે ચા-નાસ્તો અને રજીસ્ટ્રેશન, સવારે ૧૦ કલાકે સંસ્મરણ કાર્યક્રમ, બપોરે ભોજન તેમજ ૨ કલાકે ગ્રુપ મીટીંગ, બપોરે ચા-પાણી તેમજ સાંજે ૪ કલાકે કાર્યક્રમની પૂર્ણાહુતી થશે.

## મોદી હવે 'ગ્લોબલ લિડર'ની દિશામાં, અમિત શાહને આખા હિન્દુસ્તાનમાં 'પાવર' જોઈએ છે





પાવર એ શક્તિ છે પછી તે ઈલેક્ટ્રિકનો પાવર હોય કે સત્તાનો પાવર. પહેલાં કોંગ્રેસે પાવર જોયો અને હવે ભાજપ પાવર જોઈ રહ્યો છે. હિન્દુસ્તાનમાં સત્તા પરિવર્તન થયું છે. દેશમાં એક નોન કોંગ્રેસ સરકાર સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરશે. સત્તાના પાવરનું મુખ્યકેન્દ્ર દિલ્હી છે અને દિલ્હીમાં બે ગુજરાતી રાજનેતાઓ નરેન્દ્ર મોદી અને અમિત શાહની પક્કડ વધારે મજબૂત બનતી જાય છે. કહેવાય છે કે આ બન્ને રાજનેતાઓ ગુજરાતના રાજકારણમાં કદી પાછા ફરશે નહીં. મોદી ભારતના વડાપ્રધાન છે અને અમિત શાહ તે પાર્ટીના સુપ્રિમો છે. મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમનો ગોલ વડાપ્રધાન થવાનો હતો જ્યારે અમિત શાહનો ગોલ મુખ્યમંત્રી બનવાનો હતો. મોદીનો ગોલ સફળ થયો છે પરંતુ અમિત શાહ મુખ્યમંત્રીતો ન બન્યા પરંતુ તેઓ દેશભરના મુખ્યમંત્રીઓને મુઠ્ઠીમાં લઈને ફરી શકે છે. તેઓ સુપ્રિમ પાવરહાઉસ બની ગયા છે. મોદીની દિશા હવે ગ્લોબલ લિડર તરીકે ઉભરવાની છે ત્યારે અમિત શાહને ભારતના તમામ રાજ્યોમાં સત્તા જોઈએ છે કે જેથી તેઓ મુખ્યમંત્રી બન્યા વિના તેમનાથી અધિક વટ રાખી શકે. સંગઠનમાં સામ, દામ, દંડ અને ભેદ એમ તમામ રસમો અદા કરીને અમિત શાહ તમામ ૩૧ રાજ્યોમાં ભાજપની સત્તા ચાહે છે. ભાજપ અને એનડીએ સમર્થક એવા રાજ્યોની સંખ્યા વધીને ૨૦ થઈ છે. હવે એ દિવસો દૂર નથી કે અમિત શાહના હાથમાં પ્રત્યેક રાજ્યની કમાન આવી જાય. કર્ણાટકમાં ભાજપ આશાવાદી છે, જો આ સ્ટેટ મળે તો એનડીએ શાસિત રાજ્યોની સંખ્યા વધીને ૨૧ થઈ શકે છે.

**૪૧૨૦ સામે ૧૪૬૯ સભ્યો છતાં હિન્દુસ્તાન કબજામાં...**

ભારતના કુલ ૩૧ રાજ્યોમાં કુલ બેઠકોની સંખ્યા ૪૧૨૦ છે એટલે કે આટલી સંખ્યામાં ધારાસભ્યો ચૂંટાય છે જે પૈકી ભાજપ પાસે માત્ર ૧૪૬૯ ધારાસભ્યો છે છતાં ભાજપ હાલ ૨૦ રાજ્યોમાં સત્તા પર છે અથવા તો ભાગીદારીમાં સત્તા ભોગવી રહ્યો છે. આ સાથે એનડીએ પાર્ટનરના ધારાસભ્યોની સંખ્યા ૪૭૬ થવા જાય છે. ભાજપની સંપૂર્ણ સત્તા નથી તેવા રાજ્યોમાં આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરાલા, મિઝોરમ, ઓરિસ્સા, પંજાબ, તામિલનાડુ, તેલંગાણા, પશ્ચિમબંગાળ, દિલ્હી અને પોંડિચેરી છે. ભાજપના સત્તા સહયોગી રાજ્યોમાં બિહાર, જમ્મુ એન્ડ કાશ્મીર, મહારાષ્ટ્ર, મેઘાલય, નાગાલેન્ડ અને સિક્કીમનો સમાવેશ થાય છે. ત્રણ રાજ્યો એવાં છે કે જ્યાં ભાજપના સભ્યોની સંખ્યા બે આંકડામાં પણ થતી નથી છતાં ત્યાં ભાગીદારીની સરકાર ચાલે છે. આમ થવાનું કારણ કોંગ્રેસને સાથ આપવા ખૂબ ઓછી પાર્ટીઓ તૈયાર થાય છે. નવી દિલ્હીમાં જેની પાસે પાવર હોય છે તેની પાસે અન્ય પાર્ટીઓ દોરાય છે કારણ કે પાર્ટીઓને પણ તેમના અસ્તિત્વનો સવાલ ઉભો થાય છે. ભારતમાંથી કોંગ્રેસ નામશેષ થતી જાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. બિન કોંગ્રેસી સરકારોમાં કોંગ્રેસ જે કંઈ કરી ન શકી તે ભાજપ કરી બતાવે છે, એટલે અન્ય નાની મોટી પાર્ટીઓ ભાજપના વિજયરથ સામે ઝૂકી ઝૂકી ને સલામ ભરે છે.

### કોણ કહે છે કૃષિ સેક્ટરમાં ઇન્કમટેક્સ નથી, તપાસ કરી જૂઓ, કોણ ટેક્સ ચૂકવે છે

**ખેતરમાં ગાય પાળવા કરતાં ખેતી કરવી સારી...**

ગ્રામીણ ભારતમાં પશુપાલન એ વંશ પરંપરાગત અને પ્રાચીન વ્યવસાય છે જે અર્ધકુશળ અને બિનકુશળ લોકોને રોજગારી પૂરી પાડે છે. ગુજરાતમાં ૪૫ લાખ પરિવારો એટલે કે ૪૧.૫૮ ટકા પરિવારો આ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ પરિવારો પૈકી ૧૩.૬૦ લાખ પરિવાર બીપીએલમાં આવે છે છતાં સરકાર તેમની પાસેથી ટેક્સ ઉઘરાવે છે. ભારત અને ગુજરાત સરકાર ખેડૂતોને એમ કહે છે કે કૃષિ અને કૃષિ પેદાશો પર ઈન્કમટેક્સ લાગુ કર્યો નથી પરંતુ કૃષિ સાથે જોડાયેલા ક્ષેત્ર પશુપાલન, મત્સ્યોદ્યોગ તેમજ મરઘાં પાલનની આવક પર ઈન્કમટેક્સ લાગુ કરવામાં આવેલો છે. દેશભરમાં વિવિધ સંગઠનોએ એવી માગણી કરી હતી કે પશુપાલન એ કૃષિ સાથે જોડાયેલું સેક્ટર છે તેથી તેની આવક પર લેવામાં આવતો ઈન્કમટેક્સ દૂર થવો જોઈએ પરંતુ આજદિન સુધી કોઈપણ સરકારે આ ટેક્સનું ભારણ દૂર કર્યું નથી. ખેડૂતો તેમજ સામાન્ય લોકોને એવું છે કે સરકાર ખેડૂતો અને કૃષિ પર ઈન્કમટેક્સ લેતી નથી પરંતુ હકીકતમાં એવું નથી. ખેતીવાડીની ઉપજ પર ઈન્કમટેક્સ લાગુ કરવામાં આવ્યો નથી તેમ છતાં પશુપાલનની ઈન્કમ પર ઈન્કમટેક્સ છે. ગુજરાત સરકારના એક કૃષિ તજજ્ઞ કહે છે કે 'પશુપાલનનો વ્યવસાય કરતાં પરિવારો પણ ખેડૂત છે. તેમની પાસે પણ જમીન છે અને ખેતી કરે છે. સાથે સાથે પશુપાલન કરે છે. સરકાર આમ જોઈએ તો કૃષિ અને પશુપાલન એક શબ્દ ગણે છે છતાં કૃષિ પર ટેક્સ નથી અને પશુપાલન પર ટેક્સ છે. ખેડૂતને કૃષિપાકમાં નુકશાન થાય ત્યારે પશુપાલન તેની આર્થિક સ્થિતિ બચાવી શકે છે આ બાબત સરકાર પણ જાણતી હોવા છતાં ઈન્કમટેક્સનું ભારણ લાગુ કરવામાં આવેલું છે. કેન્દ્ર સરકાર ખેડૂતોને સૌથી મોટો અન્યાય કરી રહી છે.'

### પોલીસ ડિપાર્ટમેન્ટમાં અને સચિવાલયમાં મહત્વની જગ્યાએ વધારાના હવાલા છે

**પોલીસ વિભાગમાં મહત્વની જગ્યાઓ ખાલી છે...**

ગુજરાતના પોલીસ વિભાગમાં ભરતીઓ થાય છે છતાં પોસ્ટ ખાલી પડેલી જોવા મળે છે. રાજ્યની હાલની વસતી પ્રમાણેનું મહેકમ નિયત કરવામાં આવ્યું નથી તેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જાય છે. પોલીસ પાસે જનતાની સુરક્ષા ઉપરાંત રાજનેતાઓની સુરક્ષાની સૌથી મોટી જવાબદારી હોવાથી પોલીસ મોટાભાગે રાજનેતાઓની સરભરામાં જોવા મળે છે. એક અંદાજ પ્રમાણે ગુજરાત પોલીસના જવાનો દિવસના ૧૫ કલાક ડ્યુટી કરે છે પરંતુ તેમને પગાર આઠ કલાકનો મળે છે. હાલના પોસ્ટીંગ પ્રમાણે સિનિયર પોલીસ અધિકારીઓના પોસ્ટીંગ જોઈએ તો મહત્વની જગ્યાઓ ખાલી પડેલી છે. સરકારે શિવાનંદ ઝા ને કાયમી ડીજીપી તરીકે નિયુક્ત કર્યા પછી ડાયરેક્ટર સિવિલ ડિફેન્સ હોમગાર્ડ્સની જગ્યા ખાલી પડી છે. એન્ટી કરપ્શન બ્યુરોના ડાયરેક્ટરની જગ્યા પણ ખાલી છે. આર્મ્સ યુનિટના ડીજીપીની જગ્યાએ પણ કાયમી પોસ્ટીંગ થયેલું નથી. ગુજરાત પોલીસ આવાસ નિગમમાં પણ જગ્યા ખાલી છે. સીઆઈડી ઈન્ટીલિજન્સના ડીજીપીની જગ્યા પણ ખાલી છે. આ તમામ જગ્યાઓએ કાર્યકારી હવાલા આપવામાં આવેલા છે. સરહદી વિસ્તાર કચ્છમાં એસપી ઈન્ટેલિજન્સની જગ્યા સરકારે કોન્ટ્રાક્ટથી ભરેલી છે. એવી જ રીતે એસપી ઈન્ટેલિજન્સ, વડોદરાની જગ્યા પણ કોન્ટ્રાક્ટથી ભરવામાં આવેલી છે. પોલીસ વિભાગના આ સિનિયર પોસ્ટ ગણવામાં આવે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે જ્યારે પોલીસ વિભાગમાં જિલ્લા પોલીસ સુપ્રિટેન્ડેન્ટની સામૂહિક બદલીઓ આવે છે ત્યારે આ ખાલી પડેલી જગ્યાએ કાયમી આઈપીએસ ઓફિસરની નિયુક્તિ થશે.

### ગુજરાતમાં કરપ્શનનું દૂષણ, રૂપાણી સરકાર ચિંતીત પણ કઠોર કાયદાનો અભાવ

**લાંચિયા ઓફિસરોને સરકાર લાભ બંધ કરો...**

ગુજરાત સરકારમાં લાંચનું પ્રમાણ વધી ગયું છે. રૂપાણી સરકાર સતત મોનિટરીંગ રાખે છે છતાં ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશનને ભ્રષ્ટાચારનો અખાડો બનાવી દેતાં અધિકારીઓ એટલા બિન્દાસ અને ભયમુક્ત છે કે ઓફિસમાં ૪૦ લાખ રૂપિયાની રોકડ રકમ મૂકી રાખતા હતા. વર્ષો પહેલાં મહેસાણા જિલ્લાના એક તલાટી પાસેથી ૫૦૦ કરોડની સંપત્તિ સરકારે જપ્ત કરી હતી છતાં સરકારની આંખ ખુલી ન હતી પરંતુ લેન્ડ ડેવલપમેન્ટનું આખું કૌભાંડ બહાર આવ્યા પછી સરકાર સફાળી જાગી છે. સરકારે તમામ વિભાગોમાં લાંચ આપવી નહીં તેવા બોર્ડ તો મૂક્યાં છે પરંતુ વિભાગોમાં અસરકારક અને ઓચિંતી તપાસ થતી નથી એસીબી ત્યારે જ કેસ નોંધે છે જ્યારે કોઈ ફરિયાદ કરે છે. આ તપાસ સંસ્થાએ સમયાંતરે સરકારના વિભાગોની ખુદ સરપ્રાઈઝ વિઝીટ કરવી જોઈએ. એસીબીને સ્વતંત્રતા સાથે લાંચિયા ઓફિસરોના તમામ સરકારી લાભો બંધ કરી દે તેવા કાયદા બનાવવા જોઈએ. મુખ્યમંત્રીએ ઓસ્ટ્રીયાની ઈન્ટરનેશનલ એન્ટી કરપ્શન એકેડેમી સાથે પણ કરાર કર્યા છે એ સારી બાબત છે પરંતુ કાયદામાં પરિવર્તન પણ હોવું જરૂરી છે. બ્યુરોના આંકડા પરથી ફલિત થાય છે કે લાંચ રૂશ્વતના સપ્તાહમાં ચાર અને મહિને ૧૫થી વધુ કેસ નોંધાઈ રહ્યાં છે જે ગુજરાતની કહેવાતી પારદર્શક સરકાર માટે ચિંતાનો વિષય છે.

**સરકારમાં વિકટ સ્થિતિ, વધુ એક IAS દિલ્હી દ્વારે...**

ગુજરાત કેડરના ૨૦૦૧ બેચના આઈએએસ અધિકારી વિજય નહેરા સ્ટડી ટૂર માટે અમેરિકા ગયા હતા તેઓ પાછા આવી રહ્યાં છે. તેમની સ્ટડી ટૂર પૂર્ણ થઈ છે. મે મહિનાના અંતમાં તેઓ ગુજરાત સરકારમાં પાછા આવી જશે. નહેરાએ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને આનંદીબહેન પટેલની સરકારમાં સીએમઓમાં કામ કર્યું છે. ટૂર પર જતાં પહેલાં તેઓ એસટી નિગમમાં એમડી તરીકે ફરજ બજાવતા હતા. અધિકારીઓની બદલીમાં તેમને પણ નવું પોસ્ટીંગ મળી શકે છે. એવી જ રીતે ૧૯૯૮ બેચના આઈએએસ અધિકારી મહંમદ શાહીદ અને ૨૦૦૨ની બેચના સંદીપકુમાર હાલ પોસ્ટીંગ વિનાના છે. શાહિદ ફિશરીઝ કમિશનર હતા અને સંદીપકુમાર સર્વ શિક્ષા અભિયાનમાં ડાયરેક્ટર પદે હતા તેમને સરકારે બદલ્યા છે. અલબત્ત, ગુજરાત સરકારના અન્ય એક સિનિયર અધિકારી અને એનર્જી પેટ્રો ડિપાર્ટમેન્ટના અધિક મુખ્ય સચિવ સુજીત ગુલાટી ડેપ્યુટેશન પર દિલ્હી જઈ રહ્યાં છે. જો તેઓ દિલ્હી જશે તો વધુ એક વિભાગમાં અધિકારીની અછત ઉભી થશે, કારણ કે હાલ જીએડી, ફાયનાન્સ, ઈન્ડસ્ટ્રીઝ જેવા મહત્વના વિભાગોમાં ખાલી જગ્યા પડેલી છે જે વધારાના હવાલાથી ચલાવવામાં આવે છે. રાજ્યની બ્યુરોક્રેસીમાં લાંબા ઈન્તજાર પછી બદલીઓની પોસ્ટપોન્ડ રહેલી પ્રક્રિયા મે એન્ડમાં કે જૂનના પ્રારંભમાં શરૂ થાય તેમ લાગી રહ્યું છે.